# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ગુલાબની ખેતી અંતર્ગત ખેડુત દિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા તા: ૨૦.૧૨.૨૦૧૭ ના રોજ આણંદ જિલ્લાના સાંસદ એડોપ્ટેડ ગામ રીંઝા ખાતે ગુલાબના પાકમાં “સંકલીત ખાતર વ્યવસ્થાપન” વિષય પરત્વે પ્રથમ હરોળ નિદર્શનો આપેલ જે અંતર્ગત ખેડુતના ખેતરે નિદર્શન હેતુ ખેડુત દિન યોજવામાં આવેલ જેમાં આશરે ૭૦ જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા. કે.વિ.કે.ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી..જી. પટેલ તથા શ્રીમતી અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા આજુબાજુના ગામોમાં ગુલાબની ખેતી કરતા ખેડુત ભાઇઓને ગુલાબની ખેતીમાં સંકલીત ખાતર વ્યવસ્થાપન પરત્વે માહિતગાર કરી પ્રથમ હરોળ નિદર્શન અંતર્ગત આપેલ અનુભવ જૈવિક પ્રવાહી ખાતર (એઝોસ્પાયરીલમ તથા પી.એસ.બી. કલ્ચર) ના ઉપયોગ દ્વારા મળેલ પરીણામોનું ખેડુતના ખેતર પર તાદ્રશ્ય નિદર્શન કરી તફાવત બતાવેલ અને ગુલાબમાં વધુ ઉત્પાદન મેળવવા માટેની સલાહ પુરી પાડેલ. રીંઝા ગામનાં પ્રગતિશીલ ખેડૂત શ્રી ચંદુભાઇ ગોહિલ પણ હાજર રહ્યા હતા. તેઓએ ખેડૂત ભાઈઓને ગુલાબની ખેતીમાં સંકલીત ખાતર વ્યવસ્થાપન અપનાવવાથી તેમને મળેલ સફળતાના આધારે વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટેની પ્રેરણા આપી હતી.




